Extra No. 258

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] TUESDAY, JULY 15, 2025 / ASADHA 24, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૩૪૦૫/૨૦૨૫ તા.૧૨/૦૭/૨૦૨૫.

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૮૧૨૮ થી ૮૧૮૮/૨૦૨૫ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૩૪૦૫/૨૦૨૫ તા.૧૨/૦૭/૨૦૨૫થી વિરમગામ-પંચાસર-સમી રોડ કિ.મી. ૧૦૬/૪૦૦ થી ૧૪૧/૨૦૦ની ચેઈનેજ કિ.મી.૧૧૪/૪૦૦ થી ૧૧૪/૬૦૦ રૂપેણ બ્રીજનું તા.૧૧/૦૭/૨૦૨૫ના રોજ સ્થળ સ્થિતિની સમીક્ષા કરતાં, સદરહુ બ્રીજ ભારે વાહનો માટે ચાલુ રાખવો હિતાવહ ન હોઈ ભારે વાહનોને પ્રતિબંધ કરવા તથા વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવા અર્થે જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ભારે વાહનો માટે ડાયવર્ઝન રૂટ				
ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	લેન	અંતર
૧	શંખેશ્વર-મેરા-નવીયાણી	SH-221	Two Lane	૨૧.૦૦ કિ.મી.
૨	નવીયાણી-દશાડા	SH-19	Two Lane	૨૭.૦૦ કિ.મી.
૩	દશાડા-પંચાસર	SH-18	Two Lane	૧૫.૦૦ કિ.મી.

સબબ, વિરમગામ-પંચાસર-સમી રોડ કિ.મી. ૧૦૬/૪૦૦ થી ૧૪૧/૨૦૦ની ચેઈનેજ કિ.મી.૧૧૪/૪૦૦ થી ૧૧૪/૬૦૦ રૂપેણ બ્રીજનું તા.૧૧/૦૭/૨૦૨૫ના રોજ સ્થળ સ્થિતિની સમીક્ષા કરતાં, બ્રિજ પરના ભારે વાહનોના ટ્રાફિકને પુલ ઉપરથી પ્રતિબંધિત કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ(IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૩/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૦૯/૨૦૨૫ સુધી નીચેના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

ભારે વાહનો માટે ડાયવર્ઝન રૂટ				
ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	લેન	અંતર
૧	શંખેશ્વર-મેરા-નવીયાણી	SH-221	Two Lane	૨૧.૦૦ કિ.મી.
૨	નવીયાણી-દશાડા	SH-19	Two Lane	૨૭.૦૦ કિ.મી.
૩	દશાડા-પંચાસર	SH-18	Two Lane	૧૫.૦૦ કિ.મી.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે તે સ્થળોએ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણએ મુકવાના રહેશે.

આજ રોજ તારીખ :૧૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ (IAS),
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.28 17:33:42 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara